R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 30 DATE: 23-07-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## કેવી રીતે ફુગાવો અને મોંઘવારી ઘટી છે તેવો સવાલ કરતાં આરબીઆઇના ગર્વનર રઘુરામ રાજન

રિર્ઝવબેન્કના ગર્વનર વિરુધ્ધ ટીકાઓ કરનારાઓને સવાલ પુછતા રાજને કહ્યુ હતું કે મોઘવારી અને ફુગાવાના દરને અંકુશમાં રાખવાની વાતને વધારે મહત્વ આપવામાં આવી રહ્યું છે. વેપારઉદ્યોગની નાણાકીય જરુરીયાત સંતોષવા વ્યાજદર ઘટાડો કરવામાં આવતો નથી તેવી ટીકાનો ભોગ બનેલા રાજને તેમના ટીકાકારોની બોલતી બંધ કરી દીધી હતી.

રાજને તેમના ટીકાકારોને અણયાળો સવાલ પુછ્યો હતો કે મને બતાવો કે ફુગાવો અને મોઘવારી કેવી રીતે ઘટી છે. આજકાલ તેઓ વ્યાજદર ઘટાડવાની વકીલાત કરે છે અને તેની વિરુધ્ધ બોલી રહ્યા છે તેનો કોઈ ઈકોનોમિક બેઝ જનથી. આ નરી ડાયલોકબાજી છે. જેના પર હું ધ્યાન આપતો નથી.તેમ તેમણે કહયુ હતું.

એકદંરે જોવા જઈએ તો રાજને પોતાના ટીકાકારો અને વિરોધીઓને ચાબખા મારવાની સાથે વિકાસના મુદ્દે આંકડાનો આંચળો ઓઢીને ફરી રહેલી મોદી સરકારને વેધક સવાલો કર્યા હતા.જો કે વ્યાજદરો ઘટાડીને ઓછા વ્યાજની લોનો આપીને વિકાસ કરતાં એનપીએની રકમો વધારવાની હોય તો તેને વિકાસ કહેવાશે કે કેમ ? બેન્કોની વ્યાજે આપેલી સલવાઈ ગયેલી રકમો પાછી લાવવા માટે શુ કરીશું ?

## અરુણાચલ પ્રદેશમાં કોગ્રેસના વિજય સાથે પેમા ખાંડુ નવયુવાન મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા

સુપ્રીમ કોર્ટે આપેલ ઐતિહાસિક નિર્ણય બાદ કોગ્રેસે વિધાનસભામાં પોતાની બહુમતી સાબિત કરતાં અરુણાચલ પ્રદેશના નવા અને નવમાં મુખ્યમંત્રી તરીકે પેમાં ખાંડુએ શપથ ગ્રહણ કર્યા હતા.કોગ્રેસ પક્ષ તરફથી એક દિવસ અગાઉ નવા નેતાની પસદંગી કરીને તેના તમામ બળવાખોરોને મનાવી લીધા હતા. અને રાજકીય સંકટનો અંત આણી દીધો હતો.ચોવના મીને નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. રાજ્યના પુર્વ મુખ્યમંત્રી સ્વ દોરજી ખાંડુના ૩૭ વર્ષીય પુત્ર પેમા દેશના સૌથી નાની વયના મુખ્યમંત્રી બન્યા છે.

## મહારાષ્ટ્રમાં ચુંટણીપંચે ૧૯૧ રાજકીય પક્ષોની માન્યતા રદ કરી

રાજકીય પક્ષોને વારંવાર નોટીસ આપવા છતાં આવકવેરાનું રિટર્ન અને ઓડિટ કરાયેલ બેલેન્સશીટ સુપરત ન કરનારા મહારાષ્ટ્રના ૧૯૧ રાજકીય પક્ષોની નોધણી રાજ્યના ચુંટણી પંચે રદ કરી છે.જેમની નોધણી રદ કરવામાં આવી છે તેવા રાજકીય પક્ષોમાં અસદુદીન ઔવેસીની ઓલ ઈન્ડીયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન(એમઆઈએમ)નો સમાવેશ થાય છે.આમ ઔવેસીની પાર્ટી બીએમસીની ચુંટણી લડી શકશે નહીં. પાર્ટીના પ્રવક્તા ઈમ્તીયાઝ ઝલીલે આ અંગે જણાવ્યુ હતું કે તેમની પાર્ટી છેલ્લા ત્રણ વર્ષથી ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરી રહી છે.પરંતુ ચૂંટણીપંચનો નિર્ણય ચોકાવનારો છે.


રાજ્યના ચુંટણી કમિશ્નર જે.એસ.સાહરિયાએ જણાવ્યુ હતું કે સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચુંટણીઓ નિર્ભય,મુક્ત અને પારદર્શક વાતાવરણમાં થાય તે જોવાનું કામ ચુંટણી પંચનું છે.રાજકીય પક્ષોએ નોધણી ધારા હેઠળ આવકવેરાનું રિટર્ન અને ઓડીટેડ બેલેન્સશીટ દર વર્ષે ચુંટણી પંચને સુપરત કરવાનું ફરજીયાત છે.આ દસ્તાવેજો સુપરત નહી કરનારા કુલ ૩૨૯ પ્રાદેશિક પક્ષોને વિવિધ તબક્કે નોટિસ આપવા છતાં તેમણે સબંધિત દસ્તાવેજો સુપરત ન કરતા ૧૯૧ પક્ષોની નોધણી રદ કરવામાં આવી છે.

## અચ્છે દિન લાવવા માટે મોંઘવારીના રાક્ષસને બાટલીમાં પુરો : કેન્દ્રની નિષ્ફળતા બાબતે શિવસેનાની ટીકા

ભારતીય જનતા પાર્ટીના એક નેતાની રાક્ષસોને તો બાટલીમાં બંધ કરવા જોઈએ તેવી ટિપ્પણીના સંદર્ભમાં શિવસેનાએ તેનો જવાબ આપતાં તેના મુખપત્ર સામનામાં જણાવ્યુ હતું કે રાક્ષસોને બાટલીમાં પુરવાની તાકાત બતાવવાની અમુક મંડળીએ વાત કરી છે પણ તેમણે યાદ રાખવું જોઈએ કે ખરો રાક્ષસ તો મોંઘવારીનો છે. આ રાક્ષસને તો બાટલીમાં બંધ કરવાની તાકાત અને હિંમત બતાવો. જ્યાં સુધી આમ થશે નહી ત્યાં સુધી ખરા અર્થમાં અચ્છે દિન આવવાના નથી.આજે શાકભાજીના ભાવો હદ બહાર ગયા છે. આવતી કાલે જનતાનો મિજાજ હદ બહાર જઈ શકે છે તે વાત રાક્ષસને બાટલીમાં બંધ કરવાની વાતો કરનારાઓ સમજવાની જરુર છે.

શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં જણાવ્યુ હતું કે દાળની સાથે સાથે હવે શાકભાજીના ભાવ પણ સોનો આંકડો પાર કરી ગયો છે.તુવેરદાળ અને અન્ય દાળો વર્ષભર સો રુપિયાથી વધારે કિલોના ભાવે વેચાતી રહી છે.સરકારે આ ભાવો ઘટાડવાની જાહેરાતો અનેક વાર કરી છે. પણ દાળના ભાવ હંમેશા એક કિલોના ૧૦૦ થી ૧૭૫ વચ્ચે રહ્યા છે.હવે સરકારે તુવેરદાળ માટે જે નવાધોરણો જાહેર કર્યા છે તે મુજબ એક કિલો તુવેરદાળ ખરીદવા માટે તમારે ૧૨૦ રુપીયા કિલોના ભાવથી નીચે આવવા તૈયાર નથી.

સામાન્ય માણસ માટે માથુ ચકરભમ કરી નાખે તેવી આ સ્થિતિ છે.લોકોએ રોજ શું ખાવું તે સવાલ થઈ પડ્યો છે.દાળ મોંઘી છે એટલે શાકભાજી પર આધાર રાખનારી ગૃહિણીઓનું શું ? આવી અનેક વિટંબણાઓ મોંઘવારી વધવાને પગલે સર્જાઈ છે.ભાવ ૧૦૦ થી ૧૫૦ રુપીયા થાય તો ખેડુતો અને સામાન્ય માણસની હાલત અંગારા પર ચાલવા સમાન છે.રાજ્ય સરકાર વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાના પ્રયાસ કરી રહી છે.પણ હજી તેના પરિણામો દેખાયા નથી.વળી આ વ્યવસ્થાના મુળ ખેડુતને કેટલો લાભ આપશે તે તો સવાલ ઊભો જ છે.બજાર સમિતિઓના આડતિયાઓની ચુંગાલમાંથી ખેડુત છટકીને હવે વેચાણ વ્યવસ્થાના ચક્રવ્યુહમાં ફસાયો છે.



## બુરહાન વાની અંગે મહેબુબા મુફ્તિને પોતાનું વલણ સ્પષ્ટ કરવા શિવસેનાએ કહ્યુ

આતંકી બુરહાન વાની ની હત્યા પછી જમ્મુ કાશ્મીરમાં ફાટી નિકળેલી હિંસા અંગે પીડીપી-ભાજપ સરકાર પર નિશાન સાધતાં શિવસેનાએ મુખ્યમંત્રી મહેબુબા મુફતીને હિઝબુલના આતંકી અંગે તેમનું વલણ સ્પષ્ટ કરવા કહયુ હતું.આ સાથે શિવસેનાએ કહ્યુ હતું કે તે તેને શંકા છે કે રાજ્યમાં મુફ્તિને સત્તા આપીને ભાજપે યોગ્ય કામ કર્યુ છે. શિવસેનાએ તેના મુખપત્ર સામનાના સંપાદકીયમાં કહ્યું છે કે મહેબૂબા મુફ્તિ ઉપરછલ્લી રીતે તો જમ્મુ કાશ્મીરમાં શાંતિની અપીલ કરી રહી છે. પણ તેમણે માર્યા ગયેલા આતંકી બુરહાન વાની માટેનું તેમનું વલણ સ્પષ્ટ કરવું પડશે.જેઓ ભુતકાળમાં કહી ચુક્યા છે કે અફઝલ ગુરુ ક્રાંતિકારી હતો અથવા તો પાકિસ્તાન માટે સ્વતંત્રતા સેનાની હતો.શિવસેનાએ એમ પણ કહ્યુ છે કે કાશ્મીર ખીણમાં જે લોકો હિંસામાં લિપ્ત છે તેમને પાકિસ્તાન તરફથી ઘણુ સમર્થન મળી રહ્યું છે.ત્યાં અસહજ સ્થિતિ માટે પાડોશી દેશ જવાબદાર છે.જો એવું ન હોત તો પાકિસ્તાને બુરહાન વાનીના મોત માટે આસું ન વહાવ્યા હોત.

## યુપીએ સરકાર વખતે જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ સારી હતી : રાહુલ ગાંધી

હિઝબુલના કમાન્ડર બુરહાન વાની ની હત્યા બાદ ભડકેલી હિંસા અંગે કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કાશ્મીર ખીણમાં વધી રહેલા અસંતોષ અંગે ચિંતા દર્શાવતા કહ્યુ હતું કે હાલની સરકારે તેના પર ધ્યાન આપ્યું નથી.યુપીએ સરકારે જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ સુધારી હતી. અને સારો માહોલ બનાવ્યો હતો.જમિયત ઉલેમા-એ-હિંદના વડા મૌલાના અસદ મદનીએ યોજેલા એક મિલન સમારંભમાં બોલતાં તેમણે જણાવ્યુ હતું.યુપીએ દ્વારા બનાવેલા સારા માહોલનો મોદી સરકારે ફાયદો લીધો નથી.સ્થિતિનો યોગ્ય તાગ ન મેળવી શકતાં રાજકીય વમળો સર્જાયા.મનમોહનસિંહે મોદીને સત્તા સોપી ત્યારે સ્થિતિ સારી હતી.હવે સ્થિતિ એકદમ કાબુ બહાર જતી રહી છે.

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

અચ્છે દિનના ગાણાં ગાનારી સરકારના ભાષા પ્રયોગો અને મંત્રીઓના કેટલાક જવાબો સાંભળીને આપણું માથુ શરમથી ઝુકી જાય છે.તાજેતરમાં ઉત્તરપ્રદેશમાં ભાજપના ઉપાધ્યક્ષે માયાવતીને કેટલાક અભદ્ર શબ્દોથી નવાજ્યા.સત્તાના મદમાં રાચતાં ભાજપી નેતાઓ બેફામ નિવેદનો કરી રહ્યા છે.ઉત્તરપ્રદેશમાં આવનારી ચુંટણીઓમાં ભાજપ ગમે તે રીતે ચુંટણીઓમાં જીત હાંસલ કરવા માટે ગમે તે હદે જવા તૈયાર છે તે તેમની કાર્યશૈલી પરથી સાબિત થાય છે.ભાંડણલીલાની શરુઆત તો તેમના ઉચ્ચ નેતાઓ દ્વારા શરુ કરવામાં આવી હતી.સોનિયા ગાંધીને કેટલાક પશુઓ સાથે સરખામણી કરવામાં વડાપ્રધાને જાહેર સભાઓમાં કહ્યુ હતું.હવે તેમની બીજી હરોળની નેતાગીરી આ બાબતે તેમના વડીલોના ચીલે ચાલે છે તેમાં કોઈ બેમત નથી.રાજકારણમાં નૈતિકતાની પણ એક હદ નક્કી કરાયેલી છે.પછી તમે ગમે તે કક્ષાના નેતા હો તેનાથી તમારાથી નૈતિકતાની હદ પાર કરાવી જોઈએ નહી.પરંતુ બીજેપીના નેતાઓએ આ હદો પાર કરી નાંખી છે અને તેઓનું માનવું છે કે તેઓને તેમ કરતાં કોઈ રોકી શકે નહી.આ તેમનો ઈજારો છે.

તાજેતરમાં મધ્ય પ્રદેશની વિધાનસભામાં ભાજપના ગૃહમંત્રી ભુપેન્દ્રસિહને પુછાયેલ સવાલના જવાબથી લોકો અચંબિત થઈ ગયા હતા.કોગ્રેસના ધારાસભ્ય શૈલેન્દ્રસિહનો પ્રશ્ન હતોકે રાજ્યમાં ખેડુતોની આત્મહત્યા કેમ થાય છે. ગૃહમંત્રી ભુપેન્દ્રસિંહે જવાબમાં કહ્યુ હતું કે ખેડુતો પાક નિષ્ફળ જવાને કારણે નહિ પરંતુ ભુત-પ્રેતોને કારણે આત્મહત્યા કરે છે.જે સરકારમાં લોકો આવી અંધશ્રધ્ધાનો ડાંડિયો ખખડાવતા હોય તેમને કયા શબ્દોમાં નવાજવા જોઈએ.માત્ર હિંદુત્વના જોર પર ચુંટાયેલા લોકો કેટલી હદે બેજવાબદાર નિવેદનો આપી રહ્યા છે તેનો વિચાર કરવો જોઈએ.

જો કે વિરોધપક્ષોના સવાલોનો જવાબ આવી રીતે આપીને રાજ્યની અંદર થઈ રહેલ ખેડુતોની આત્મહત્યાના મુદ્દે સરકારે ગંભીરતાથી કામ કરવાનુ હોય તેવા બદલે બેજવાબદાર નિવેદનો કરીને તેવો શું આત્મશાત કરવા માંગે છે તે સમજ વગરની બાબત છે.આખરે આવા બેજવાબદાર નિવેદનને કારણે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવી પડી.

## મંતવ્ય

ચુંટણીઓમાં ઠાલા વચનોની લ્હાણી કરનારી મોદી સરકારમાં લોકોના હાલહવાલ ખરાબ થઈ રહ્યા છે. અચ્છે દિનનું સપનું માત્ર સપનું જ બની રહ્યું છે.પહેલાં ડુંગળી અને ટામેટા અને હવે કઠોળના ભાવો સાથે તમામ દાળોના ભાવો આસમાને પહોચ્યા છે.કાળઝાળ મોંઘવારીમાં પિસાઈ રહેલી જનતાની થાળીમાંથી એક પછી એક વસ્તુઓ છિનવાઈ રહી છે.આવા સંજોગોમાં કમરતોડ મોંઘવારીનો ભોગ બનેલી સામાન્ય જનતા માટે એક બીજા માઠા સમચાર આવી રહ્યા છે અને તે એ છે કે તુવેરની દાળના ભાવ નજીકના ભવિષ્યમાં રુ.૩૦૦ કિલોના પહોચવાની વકી છે.આમ તુવેરની દાળ રેકોર્ડ બ્રેક નવો ભાવ બનાવશે તેવાં એધાંણ છે.હાલ તુવેરની દાળ રુ. ૧૮૦ના ભાવે બજારમાં મળી રહી છે.તમામ પરિબળો વિપરિત છે.બજારોના હાલ ખરાબ છે.

હવે સરકારે બીજુ લોલીપોપ જનતાને આપ્યુ છે.આફ્રિકાના દેશોમાં જમીન લઈને ત્યાં ખેતી કરીને દાળો ઉગાડી પછી આ દેશમાં લવાશે અને પુરવઠો વધતાં ભાવો કાબુમાં આવશે.હાલમાં તુવેરનો બફર સ્ટોક નથી.પરંતુ માર્કેટમાં વેપારીઓ પાસે દાળનો પુરવઠો છે અને તેઓ ઉંચા ભાવે વેચી રહ્યા છે.શાકભાજીના ભાવો આસમાને છે.તેલનો ભાવ રેકોર્ડ કરવા સુધી પહોચી ગયો છે.હવે ક્યાં સુધી આ સરકાર અચ્છે દિનનું ગાઈને લોકોને બેવકુફ બનાવતી રહેશે.મોઘવારી ઉપર લોકોનો ગુસ્સો ફાટી પડે એથી સરકારે ગૌમાંસનો મુદ્દો વધુ ઉકસાવ્યો છે.જેથી લોકોનું ધ્યાન અન્યત્ર ખસેડી શકાય.ખરેખર ગૌમાંસનો મુદ્દો છે જ નહી. ગૌમાંસના મુદ્દે લોકોની હત્યા થઈ રહી છે.અચ્છે દિનની દુહાઈ કેવી રીતે અપાશે માનવ બનીઓ ચઢાવીને ?

લલિત કે પરમાર


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


# ગુજરાતમાં આપની સોમનાથ દર્શન દ્વારા એન્ટ્રીથી ભાજપ-કોગ્રેસનું રાજકીય ધોવાણ શક્ય બનશે ?

ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા આપના નેતા અને દિલ્હીના મુખ્યમંત્રીએ સોમનાથના દર્શન દ્વારા ગુજરાતના રાજકારણમાં એન્ટ્રી કરી દીધી છે.સોમનાથ મહાદેવના દર્શન બાદ જાહેર મેદનીને સંબોધન કરતાં તેમણે કહયુ હતું કે ગુજરાતની આગામી વિધાનસભાની ચુંટણીઓમાં આપની પાર્ટી ઝંપલાવશે.જો કે તેમણે સ્પષ્ટતા કરી હતી કે અમારે ચુંટણી લડવી કે નહીં તે ગુજરાતની જનતા નક્કી કરશે.જેમા માટે આગામી દિવસોમાં તેઓ રેલીનું આયોજન કરશે.

જો તેઓ ચુંટણી લડવા માટે કહ્યુ હતું કે મારી પાસે નાણાં નથી માટે ગુજરાતની પ્રજાએ ચુંટણી લડવા માટે તેમને નાણાં આપવા પડશે.તેમજ ઘેર ઘેર જઈનો વોટ માંગવા પડશે.ગુજરાતની પ્રજાને ગુંડા અને ભ્રષ્ટાચારીઓથી છુટકારો મેળવવા પણ આહ્વવાન કર્યુ હતું.પાટીદાર નેતા હાર્દિક પટેલ સામે લગાવાયેલા રાજદ્રોહના ગુના અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. અને કહ્યુ હતું કે ભાજપના નેતા ખડસે ડોન દાઉદ સાથે ફોન પર વાત કરે તેઓ મુક્ત રીત ફરી રહ્યા છે.જ્યારે સમાજ માટે માંગણી કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં થતી સરકારી જાહેરાતનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યુ હતું કે કુછ તો દિન બીતાઓ ગુજરાતમે તેવી જાહેરાતો કરાય છે. પરંતુ હું સુરત આવવાનો હતો ત્યારે તેમને ડર લાગતો હતો તેથી મને અટકાવવો પડ્યો.તેમની સરકારે એમ કહયુ કે કેજરીવાલ આવશે તો તમારા ધંધા રોજગાર બંધ થઈ જશે એમ કહીને મારી મીટીંગ કેન્સલ કરાવી દીધી.પરંતુ ભગવાન સોમનાથની મીટીંગ કેન્સલ ના કરાવી શક્યા.તેમણે કહ્યુ કે ગુંડાઓની સાથે તેમની જ ભાષામાં વાત કરવી પડશે. કારણકે તેઓ લડાઈની જ ભાષા સમજે છે.તેમણે લોકોને પુછ્યુ હતું કે ભ્રષ્ટાચારી સરકારને હટાવવા અમારે ચુંટણી લડવી કે નહી ,લોકોએ હકારમાં જવાબ આપ્યો.તેમણે મોદી સ્ટાઈલથી લોકો પાસે હકારમાં જવાબ મેળવ્યો હતો.

ગુજરાતમાં ભાજપ સામે બીજુ એક બળ ઉભુ થઈ રહ્યું છે.ચુંટણીમાં ત્રીપાંખીયો જંગ ખેલાય તો કોનું ધોવાણ થશે તે સમય બતાવશે.

કેજરીવાલની તરફેણમાં પંજાબમાં પણ મોજુ કામ કરી રહ્યું છે.ઠેર ઠેર આપ ઈમાનદારીના નામે પોતાનુ કદ વધારી રહ્યુ છે.કેજરીવાલની લોકપ્રિયતાને કારણે ભાજપ અને કોગ્રેસ બેઉને નુકશાન પહોચવાનો સંભવ તો છે જ.ગુજરાતમાં આપની એન્ટ્રીને ભાજપ અને કોગ્રેસને ચુંટણી ના સમીકરણો સાથે રણનીતિ પણ બદલવી પડે તે માટે મજબુર કરશે.



૨૦૧૭ની ચુંટણીમાં જીત મેળવવી મોદી માટે પણ અનિવાર્ય છે ,દિલ્હીમાં આપે લોકોને આર્કષી શકી છે.વીજળીના બિલોમાં ઘટાડો, સરકારી સેવામાં સુધારો,વિગેરે તેમના પ્લસ પોઈન્ટ છે. જ્યારે ગુજરાતમાં સરકાર લોકોના ખિસ્સાનો ભાર હળવો કરવામાં નિષ્ફળ ગઈ છે. મોઘવારી જેની પર ગુજરાત સરકારની પકડ છે તેને તેઓ સભાળી શક્યા નથી. તેલ,શાકભાજીના ભાવોમાં મધ્યમવર્ગની કમર તુટી ગઈ છે.પરંતુ સરકારના પેટનું પાણી હાલતું નથી. હાલમાં પાટીદારો ના આંદોલનથી માંડ માડં સરકાર બેઠી થઈ છે. ત્યાં કેજરીવાલનું વાવાઝોડું આવ્યું છે.

# ફ્રાંસના નીસ શહેરમાં નેશનલ ડેની ઉજવણી કરતાં નાગરિકો પર આતંકી હુમલો : ૮૪ના મોત અનેકો ઘાયલ

ફ્રાંસના નીસ શહેરમાં નેશનલ ડે ઉજવી રહેલા નાગરિકો પર આતંકવાદીઓએ ફરી એકવાર હુમલો કરીને ત્રાસવાદનો તદ્દન નવો નુસખો અપનાવ્યો હતો.આતંકીએ વિસ્ફોટો ભરેલી ટ્રક લઈને ધસી આવ્યો હતો અને નેશનલ ડેની ઉજવણી કરી રહેલા લોકો પર ટ્રક દોડાવીને લોકોને કચડી નાંખ્યા હતા.બે કીલો મીટર સુધી તે લોકોને કચડતો ગયો હતો.ત્યારબાદ આતંકીએ ફાયરીંગ કર્યુ હતું.૨ કી.મી. સુધી લોહી અને લાશો પડી હતી.મૃતકોમાં ૧૦ બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે.હુમલાખોરની ઓળખ મોહમ્મંદ લાહોએઝ બુહેલ તરીકે થઈ છે. તે ફ્રાંસનો જ વતની છે.

નેશનલ ડે ની ઉજવણીને કારણે પોલીસે મુખ્યમાર્ગ બંધ કરી દીધો હોવા છતાં આતંકીએ ટ્રકને આ વિસ્તારમાં પાર્ક કરી દીધી હતી..તેની પુછપરછમાં તેણે ટ્રકમાં આઈસક્રીમ છે તેમ કહી ત્યાંથી છટકી જવામાં સફળ રહ્યો હતો.પોલીસે જો ટ્રકમાં તપાસ કરી હોત તો કદાચ આ હુમલો અટકાવી શકાયો હોત.

ફ્રાંસના પ્રમુખ ઓલાંદેએ જણાવ્યુ હતું કે આ એક આતંકવાદી હુમલો છે તે અંગે કોઈ બેમત નથી.આતંકવાદ વિરુધ્ધની અમારી લડતના જુસ્સાને કોઈ નમાવી શકે તેમ નથી. ઈરાક અને સીરીયામાં અમે મજબુતીપુર્વક પગલાં લઈશું.અમારી પર જે લોકો હુમલો કરી રહ્યા છે તેમના પર હુમલા કરવાનું ચાલુ રાખીશું.ઈસ્લામીક સ્ટેટ સંગઠને ઔપચારીક રીતે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.અમેરિકન પ્રમુખ ઓબામાએ નીસમાં થયેલ હુમલાને ભયંકર આતંકવાદી ઘટના ગણાવી હતી.તેમજ ફ્રાંસને તમામ મદદ કરવાનુ આશ્વાસન આપ્યું હતું.રાષ્ટ્રની સુરક્ષા પરિષદે સંવેદના પ્રગટ કરતાં કહ્યુ કે કોઈપણ પ્રકારની ગુનાહીત કે આતંકવાદી પ્રવૃત્તિને સહન કરવામાં આવશે નહી.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## સોલી સોરાબજી,પુર્વ એટર્ની જનરલે સમજાવ્યુ કે વકીલાત એ પૈસા માટેનહી પણ જરુરીયાતમંદ લોકો માટે કામ કરવાનો વ્યવસાય છે

જાણીતા ધારાશાસ્ત્રી અને રેડીકલ હ્યુમેનિસ્ટ ચંદ્રકાંત દરુના જન્મ શતાબ્દિ વર્ષની ઉજવણીના ભાગરુપે યોજાયેલ એક કાર્યક્રમમાં ભુતપુર્વ એટર્ની જનરલ,પધ્મ વિભુષણ અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી સોલી સોરાબજીએ જણાવ્યુ હતું કે આજની વકીલોની પેઢીએ એ સમજવાની જરુર છે કે વકીલાત એ પૈસા માટે નહીં પણ જરુરીયાતમંદ લોકો માટે કામ કરવાનો વ્યવસાય છે.પાંચ વર્ષમાં પૈસા કમાઈ લેવા હોય તો વકીલાતમાં ન આવો, બીજો કોઈ ધંધો શોધી લો. દરુ સાહેબ પણ હંમેશા આ જ બાબત પર ભાર મુક્યો હતો.સોલી સોરાબજીએ કાયદાના શાસન અને માનવ અધિકાર પર વિદ્વતાપુર્ણ વ્યકતવ્ય આપ્યું હતું.કાયદાના શાસન અંગે છણાવટ કરતાં તેમણે જણાવ્યુ હતું કે કોઈપણ વ્યક્તિની ,કોઈપણ પક્ષની ફરિયાદને ધ્યાનમાં લેવી અને તેને સહકાર આપવો એ કાયદાનું કામ છે.આજે દેશની જે સ્થિતિ છે તેમાં કાયદાનું શાસન એ દેશનો રાષ્ટ્રીય ધર્મ હોવો જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ડો.ઉપેન્દ્ર બક્ષીએ દરુસાહેબના જન્મશતાબ્દિ વર્ષના ઉદઘાટન સહિત સ્મૃતિગ્રંથનું વિમોચન કરતાં કહયુ હતું કે દરુસાહેબ હંમેશા કહેતા હતા કે ભારતીય બંધારણ એ કોઈ સરકારની ખાનગી મિલકત નથી.માનવ અધિકાર માટેના રાજકારણ કરતાં માનવ અધિકારોનું રાજકારણ અઘરું છે.દરુ સાહેબે સામાન્ય લોકોના ન્યાય માટે અથાગ પ્રયત્નો કર્યા હતા.તેમણે લોકોને માનવ અધિકારોને ગંભીરતાથી લેતા શિખવ્યું અને હિંમતપુર્વક માનવ અધિકારોના રાજકારણની એક નવી તરેહ લાવ્યા.આ પ્રસંગે દરુસાહેબની સ્મૃતિને વાગોળવા અને તેમણે સ્થાપેલા મુલ્યો વિશે ચિંતન કરવા શતાબ્દિ સમારોહમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.


IN THE FOOTESTED OF JESUS

HOLYLAND TOUR

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.
દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો

ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.
Tour Date 18 May ‘16,Sept.16 November,2016
પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.

પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *


## તુર્કીમાં તખ્ત પલટો પ્રજાએ નિષ્ફળ બનાવ્યો :બળવાખોરોની શરણાગતિ-બળવામાં ૨૫૦વધુના મોત

તુર્કી સેનાના કેટલાક અસંતુષ્ટોએ રાષ્ટ્રપ્રમુખ રેસેપ એર્ડોગનની સરકાર સામે બળવો કર્યો હતો.ટેન્કો,ફાયટરો અને જેટની મદદથી સરકારને ઉથલાવી કાઢવા માટે મોડી રાત્રે બળવાખોર સૈનિકો રાજધાની અંકારા અને ઈસ્તંબુલના રસ્તા પર ઉતરી આવ્યા હતા.સરકારી કચેરીઓ અને મહત્વના સ્થળો પર કબજો જમાવવાનો પ્રયાસ કર્યો હતો.બળવાખોર સૈનિકોએ ઠેર ઠેર હિંસા આચરી હતી.આખી રાત્રી ચાલેલા આ હિંસક ખેલમાં ૨૫૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૧૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

આ બળવાનો દોરી સંચાર કરનારા તુર્કીના મુસ્લીમ ધર્મગુરુ ફતહુલ્લાહ ગુલેને તુર્કીમાં સત્તાપલટની જાહેરાત કરી હતી.અને દેશમાં સૈન્યશાસન સ્થપાઈ ગયું છે તેવો દાવો કર્યો હતો.જો કે તુર્કીમાં આર્મીના આ બળવાને ત્યાની જનતાએ નિષ્ફળ બનાવી દીધો હતો.બળવાખોર સૈનિકોની ટેન્કોની સામે હજારો લોકો ટેન્કોની સામે સુઇ ગયા હતા.જ્યાં જ્યાં બળવાખોર સૈનિકોએ કબજો કર્યો હતો ત્યાંથી લોકોએ તેમને ઢસડીને બહાર કાઢી લાવ્યા હતા.ત્રણ હજારથી વધુ બળવાખોર સૈનિકોની ધરપકડ કરવામાં આવી હતી.૨૯ કર્નલને પકડી લેવામાં આવ્યા હતા.પાંચને જનરલ પદેથી હટાવી દેવાયા હતા અને આ સાથે કાર્યકારી આમી ચીફની નિયુક્તિ કરવામાં આવી હતી.

બળવાખોર સૈનિકોએ સંસદ અને રાષ્ટ્રપ્રમુખના નિવાસસ્થાન પર બોમ્બ વરસાવ્યા હતા.પરંતુ પ્રમુખને કોઇ નુકશાન પહોચ્યું નહોતું.૨૦૦ જેટલા બળવાખોર સૈનિકોએ આત્મસમર્પણ કર્યુ હતું.જો કે રાષ્ટ્રપ્રમુખ એર્ડોગનને તુર્કીને આર્થિક રીતે સમૃધ્ધ કરવા માટે કરેલા પ્રયત્નો સરાહનીય હોવાથી પ્રજા તેમના માટે સહાનુભુતિ ધરાવતી હોવાને કારણે બળવો નિષ્ફળ નિવડ્યો હતો.અને બળવાખોરો નિષ્ફળ રહ્યા .

## અમેરીકામાં એચ-૧બી,એલ-૧ વિઝા પર આઇટી પ્રોફેશનલને નોકરીમાં નહી રાખી શકે

અમેરીકામાં કામ કરતી ભારતીય કંપનીઓ પર એચ-૧બી વિઝા દ્વારા કર્મચારીઓને નોકરીમાં રાખવા વિરુધ્ધ અમેરિકાની સંસદમાં બિલ રજુ કરવામાં આવ્યુ છે.અમેરિકાના બે સાંસદો દ્વારા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવમાં આ બિલ રજુ કરાયું છે.જો અમેરિકાની કોગ્રેસ દ્વારા આ બિલ પસાર કરવામાં આવશે તો ભ ારતીય આઈટી તેમજ આઈટી સંલગ્ન કામ કરતી કંપનીઓને મોટો ફટકો પડશે.આ બિલ પાસ થયા પછી યુએસમાં કામ કરતી ભારતીય કંપનીઓ એચ-૧ભી તેમજ એલ-૧ વિઝા પર આઈટી પ્રોફેસનલને નોકરીમાં રાખી શકશે નહીં.

ભારતીય અગ્રણી આઈટી કંપનીઓની આવકનો મોટો હિસ્સો એચ-૧ બી તેમજ એલ-૧ વિઝા દ્વારા આવે છે.આ બિલને કારણે ભારતની આઈટી કંપનીઓનું કામકાજ પ્રભાવિત થશે અને તેના બિઝનેસને મોટો ફટકો પડશે. ભારતીય કંપનીઓનો મૃત્યુઘંટ નહી વાગે તો પણ તેમની કામગીરીને માઠી અસર તો પડશે જ.બિલ રજુ કરનાર સાંસદ પાસકિલે કહ્યુ હતું કે અમેરિકાના કુશળ અને હાઈટેક પ્રોફેશનલ્સ પાસે કોઈ જોબ નથી. કેટલીક કંપનીઓ બિઝનેસ ઈન સોર્સિંગ દ્વારા વિઝાનો દુરપયોગ કરે છે.આથી જો આવા બિલ પાસ કરીને સુધારા નહી કરીએ તો અમેરીકાના મુળ કર્મચારીઓને અન્યાય થતો રહેશે.અગાઉ ૨૦૧૦માં આ પ્રકારનું બિલ રજુ કરવામાં આવ્યુ હતું.પણ તેને સંસદમાં પસાર કરી શકાયું નહોતું.આ વખતે અગાઉના બિલમાં રહેલી છટકબારીઓને દુર કરવામાં આવી છે.ફ્રોડ અને દુરપયોગ ન કરી શકાય તેવી જોગવાઈ કરાઈ છે.અમેરીકાના મુળ કર્મચારીઓ અને વિઝાધારકો બંનેને રક્ષણ મળે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

## આર્થિક સુધારાના વાયદા પુરા કરવામાં મોદી સરકારની ગતિ ધીમી : અમેરીકા

ભારતના આર્થિક વિકાસના ૭.૫ ટકાના દરને અમેરિકાએ શંકાસ્પદ બતાવ્યા છે.અમેરિકાના મતે ૭.૫ ટકાનો જીડીપી ગ્રોથ રેટ અતિશયોકિતભર્યો હોઈ શકે છે. આર્થિક સુધારાઓને આગળ ધપાવવા અને આપેલા વાયદાઓ પુરા કરવામાં મોદી સરકારની કામગીરી ઘણી ધીમી છે. જો કે યુએરના અહેવાલમાં ભારતની બ્યુરોક્રેસી તેમજ એફડીઆઈમાં છુટછાટ આપવા લેવાયેલ નિર્ણયોની પ્રશંસા કરવામાં આવી હતી.અગાઉ મોર્ગન સ્ટેનલી દ્વારા કહેવામાં આવ્યુ હતું કે ભારતના ગ્રોથ રેટના આંકડાઓ ધારણા કરતાં વધુ દર્શાવેલા છે.

યુએસના સ્ટેટ ડીપાડ.ના અહેવાલમાં આર્થિક સુધારા અને બ્યુરોક્રેસીના નિર્ણયોને વ્યવસ્થિત કરવા માટે તેમજ કેટલાક સેકટર્સમાં એફડીઆઈ મર્યાદામાં વધારો કરવાની પ્રશંસા કરવામાં આવી હતી. સુચિત આર્થિક સુધારાને આગળ ધપાવવા તેમજ આપવામાં આવેલા વાયદાઓને પુરા કરવામાં પણ મોદી સરકાર ધીમી રહી છે. કેટલાક સુધારાને સંસદમાં પાસ કરાવવા માટે મોદી સરકારને ભારે મહેનત કરવી પડી છે.ટેક્સ માળખાને વ્યવસ્થિત કરાશે તો જીડીપી ગ્રોથ વધી શકે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# સુપ્રીમ કોર્ટે કેન્દ્રની એનડીએ સરકારને ત્રીજી વખત લપડાક મારી લોકતંત્ર શું છે સમજાવ્યું !

સુપ્રીમ કોર્ટે કેન્દ્રની એનડીએ સરકારને રાજ્યોમાંની વિપક્ષની સરકારને કાનુની દાવપેચમાં લઇ ગબડાવી દેવાની ચાલને ફરીથી એક વાર નાકાયાબ બનાવી હતી.ઉત્તરાખંડ પછી વધુ એક રાજ્યમાં કોંગ્રેસની સરકારને ઉથલાવવાના પ્રયાસ પર સુપ્રીમ કોર્ટે બ્રેક લગાવી દીધી હતી.ભાજપ અને નરેન્દ્ર મોદી સરકારને લપડાક મારતાં ચુકાદામાં સુપ્રીમ કોર્ટે અરુણાચલ પ્રદેશની કોંગ્રેસ સરકારને પુનઃસ્થાપિત કરવાનો આદેશ કર્યો હતો.અને એ સાથેજ ઘડિયાળના કાંટા પાછા ફેરવીને ૧૫મી ડિસેમ્બર ૨૦૧૫ પહેલાં રાજકીય સ્થિતિ હતી તેને લાદવા માટે કહ્યુ હતું.સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ કેન્દ્ર સરકારના આદેશથી નબામ તુકીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે હવાલો સંભાળી લીધો હતો.સુપ્રીમ કોર્ટની પાંચ જજ્જોની બનેલી ખંડપીઠે આ ચુકાદો આપ્યો હતો.અને પાંચેય જજે આ ચુકાદાને લઇને એકમત હતા.આ સાથેજ સુપ્રીમે રાજ્યપાલ રાજખોવાએ આપેલા આદેશોને રદ કર્યા હતા.

અરુણાચલ પ્રદેશની વિધાનસભા બાબતે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા બાદ કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર સીધો પ્રહાર કરતાં કહ્યુ હતું કે લોકતંત્ર શું છે તે તેમને સુપ્રીમ કોર્ટે સમજાવી દીધું છે.તેમણે લોકતંત્ર શું છે તે વડાપ્રધાનને સમજાવવા બદલ સુપ્રીમ કોર્ટનો ટ્વીટ કરીને આભાર માન્યો હતો.કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ કહયું કે લોકતંત્રને અને લોકશાહી સંસ્થાઓને કચડી નાંખવાનો પ્રયાસ કરનારાઓનો પરાજય થયો છે.આ ચુકાદાથી કેન્દ્ર હવે સત્તાનો દુરપયોગ કરશે નહી.કપિલ સિબ્બલે કહ્યુ હતું કે સુપ્રીમના ચુકાદા બાદ અરુણાચલના રાજ્યપાલે રાજીનામુ આપી દેવું જોઇએ.જો ના આપે તો તેમને તાત્કાલિક હટાવી દેવા જોઇએ.કોંગ્રેસ રાજ્ય વિધાનસભાથી લઇને સંસદ સુધી આ મુદ્દો ઉઠાવશે.અન્ય રાજકીય પક્ષોએ પણ ચુકાદાને કેન્દ્ર સરકારને લપડાક સમાન ગણાવ્યો હતો.

ભાજપના નેશનલ સેક્રટરી શ્રીકાંત શર્માએ કહ્યુ હતું કે જેની પાસે બહુમતી છે તેને વિપક્ષમાં બેસવા અને જેમની પાસે બહુમતી નથી તેમને શાસન કરવાનું કહેતો ચુકાદો અત્યંત વિચિત્ર છે.આ ચુકાદો લોકતંત્રની ભાવનાને મજબુત બનાવે છે કે નબળી તે જોવું પડશે.તેમણે કહ્યુ કે લોકતંત્રમાં સંખ્યાબળ સૌથી વધુ મહત્વનું છે. જો કે વિશ્વાસ મત લેતાં કોંગ્રેસે પોતાની સંખ્યા બતાવીને વિશ્વાસનો મત જીતી લીધો હતો તેથી ભાજપના નેતાના શબ્દોનું મહત્વ ઘટી ગયું હતું.ખરેખર સુપ્રીમે આપેલ ચુકાદાને આવકારવાને બદલે તેને ખોટો સાબિત કરવાનો પ્રયત્ન ખોટુ કરનારાઓ દ્વારા જ થયો તે લપડાકની યોગ્યતા ધરાવે છે તેવું પુરવાર થયું છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યુ હતું કે નરેન્દ્ર મોદીની સરમુખ્યતાર સરકાર માટે જોરદાર લપડાક સમાન આ ચુકાદો છે.રાજ્યોના મામલે હસ્તક્ષેપ કરવાના કેન્દ્રના પ્રયાસોને આ ચુકાદો બોધપાઠ સમાન છે.વડાપ્રધાન ઉપર આકરા પ્રહારો કરતાં તેમણે કહ્યુ હતું કે કેન્દ્ર બંધારણનું ઉલ્લંઘન કરવા અને દેશમાં સરમુખ્યતારશાહી થોપવાનો આરોપ લગાવ્યો હતો.તેમણે મોદીને બંધારણ અને લોકતંત્રમાં ભરોસો નહીં હોવાનો આરોપ પણ મુક્યો હતો.

સુપ્રીમ કોર્ટે ગત મે મહિનામાં ઉત્તરાખંડમાં પણ આ પ્રકારે થયેલા કાનુની દાવપેચ અને સત્તાની સાઠમારી પછી કેન્દ્રને લપડાક મારી હતી અને રાજ્યમાં શક્તિ પરિક્ષણનો આદેશ કર્યો હતો.જેમાં કોંગ્રેસની હરિશ રાવત સરકારને બહુમતી મળી જતાં કોંગ્રેસે ફરી સત્તા કબજે કરી હતી.ત્યાર પછી અરુણાચલમાં પણ સુપ્રીમ કોર્ટે કેન્દ્રને લપડાક મારીને કોંગ્રેસની સરકારને ફરીથી સ્થાપિત કરતાં મોદી સરકારને બીજી વાર નીચા જોણુ જોવાની વારી આવી.અગાઉ પણ ગત ઓક્ટો.માં સુપ્રીમ કોર્ટે નેશનલ જ્યુડિશયલ એપોઇન્ટમેન્ટ્સ કમિશન એક્ટ રદ કર્યો હતો.

જસ્ટીસ જે.એસ.કહેરની અધ્યક્ષતામાં બનેલી ખંડપીઠે રાજ્યપાલની ભુમિકા સામે નારાજગી દર્શાવી હતી અને તેમણે બંધારણીય પાલન ન કર્યુ હોવાનું કહ્યુ હતું.કેહરે કહયું હતું કે રાજ્યપાલે વિધાનસભાનું સત્ર એક મહિના વહેલું બોલાવ્યુ તે ગેરબંધારણીય છે. આથી તે રદ કરવામાં આવે છે.બીજુ રાજ્યપાલે ૧૬ ડિસે.૨૦૧૫ દરમિયાન વિધાનસભાનું છઠ્ઠુ સત્ર બોલાવ્યું અને જે પ્રકારે પ્રક્રિયા થઇ તે બંધારણની કલમ ૧૬૩ અને કલમ ૧૭૫નો ભંગ છે.ત્રીજુ રાજ્યપાલના ૯ ડિસ.૨૦૧૫ના આદેશ પછી અરુણાચલ પ્રદેશ વિધાનસભામાં લેવાયેલા તમામ પગલાં અને નિર્ણયો પણ હવે માન્ય ગણાય તેમ નથી.અંતમાં ૧૫ ડિસે.૨૦૧૫ના રોજ જે સ્થિતિ હતી તે સ્થિતિ ફરીથી સ્થાપિત કરવાનો આદેશ કરવામાં આવે છે.આમ દેશના ઇતિહાસમાં સુપ્રીમ કોર્ટનો આ ઐતિહાસિક ચુકાદો છે. અને એનડીએ તેમજ વડાપ્રધાન મોદી સરકારને લોકતંત્ર માં કરવામાં આવેલ સરમુખ્યતારશાહી નિર્ણયો સામે લાલબત્તી છે.

એનડીએ સરકાર અને મોદીજીની સલાહકાર મંડળીએ સુપ્રીમ કોર્ટે આપેલી ત્રીજી લપડાક બાદ જાગી જવાની જરુર છે. બંધારણને પોતાની રીતે તોડી મરોડી નાંખવાનો જે પ્રયાસ કરવામાં સલાહકાર મંડળી દ્વારા કરવામાં આવે છે તેનાથી મોદી સરકારની ઈમેજને આવા પ્રયત્નો તોડી પાડે છે.મોદી સરકારે આ બાબતે વહેલી તકે જાગૃત થવાની જરુર છે.

# અરુણાચલ પ્રદેશની વિધાનસભાના સંદર્ભે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં રાજ્યપાલના સંદર્ભે કરેલ ટીપ્પણીઓ રાજકીય ઇતિહાસમાં અત્યંત મહત્વની બની રહેશે

કોંગ્રેસ મુક્ત ભારતના અભરખા રાખનારી ભારતીય જનતા પાર્ટી જો કે કોંગ્રેસના અનેક પાપોની નકલ જ કરે છે તેમાં આ કલમ ૩૫૬ના દુરપયોગનું પાપ બે વખત તેમણે કર્યુ.પરંતુ કોંગ્રેસ કરતાં ભાજપ વધારે અપમાનિત થઇ તેવું આ બે કેસોમાં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશો બાદ દેખાઇ આવે છે.વડાપ્રધાન મોદીને અને ભાજપને દેશને કોંગ્રેસ મુક્ત કરવાની એવી ઉતાવળ આવી ગઇ અને પરિણામે જે ભુલો થઇ તેના કારણે તેમનું નાક કપાયું.સૌથી પહેલાં ઉત્તરાખંડની સરકારને ઘરભેગી કરવામાં ઉતાવળ કરી અને ત્યાર બાદ અરુણાચલમાં પણ એવી જ ભુલ દોહરાવી.કેન્દ્ર સરકાર વતી દલીલ કરનાર એટર્ની જનરલ મુકુલ રોહતગીએ તો દોષનો ટોપલો ખંખેરી નાંખતા હોય તેમ કહી દીધું કે આ ચુકાદો રાજ્યપાલ વિરુધ્ધનો છે તેમાં કેન્દ્રને કંઇ લાગતું વળગતું નથી.રાજપાલે આટલા મોટા નિર્ણયો કેન્દ્રની સંમતિ વિના લીધા ન હોય તેમ ન બને.હવે રાજ્યપાલને બચાવવા તેમને માંદગીની રજા પર ઉતારી દેવાયા અને ત્રિપુરાના રાજ્યપાલ રોયને આ હવાલો સોપી દેવાયો.કાયદાકીય રીતે કોંગ્રેસનો વિજય થયો અને વિધાનસભાના ફ્લોર પર વિશ્વાસનો મત જીતી લઇ સાબિત કરી દીધું કે તેમની પાસે બહુમતી છે અને સુપ્રીમ કોર્ટેનો નિર્ણય ખોટો નથી.

અરુણાચલના મામલે સુપ્રીમ કોર્ટની પાંચ જજ્જોની ખંડપીઠે એકમતે ૩૩૧ પાનાનો ચુકાદો આપ્યો છે જેમાં રાજ્યપાલ વિશે વિશેષ ટિપ્પણીઓ કરવામાં આવેલી છે.સુપ્રીમ કોર્ટે કરેલી કેટલીક ટિપ્પણીઓ આ મુજબ છે. ૧.રાજ્યપાલ બંધારણીય જોગવાઇઓ અને વિધાનસભાના કામકાજના નિયમોને બાજુએ રાખીને પોતાની મરજીથી કામ કરી શકે નહીં. તેઓ પોતાની મરજી પ્રમાણે વિધાનસભાનું સત્ર બોલાવી શકે નહીં.૨.સંવિધાન પ્રમાણે રાજ્યપાલ કેબિનેટની સલાહ પર કામ કરે છે.પરંતુ આ મામલામાં કેબિનેટની સલાહની ધોર ઉપેક્ષા કરવામાં આવી છે.૩.જો રાજ્યની પરિસ્થિતિ આવી જ હતી અને રાજ્યપાલને કેબિનેટની સલાહ માનવાનું સાચુ લાગી નહોતું રહ્યુ તો તેમણે આ મામલો રાષ્ટ્રપતિને મોકલી આપવો જોઇતો હતો.પણ તેમણે એકલા હાથેજ આ નિર્ણયો કરી નાંખ્યા.૪.જો રાજ્યપાલને એમ લાગતું હતું કે રાજ્ય સરકાર પાસે પુરતા ધારાસભ્યોનો ટેકો નથી તો તેઓ વિધાનસભામાં બહુમતી સાબિત કરવા માટે કહી શક્યા હોત.યાદ રહે કે સુપ્રીમ કોર્ટે આ ચુકાદો ઉત્તરાખંડ મામલે તેણે આપેલા નિર્દેશના બે મહિના પછી આપ્યો છે અને તેનો સીધો અર્થ ભાજપની કરારી હાર છે.

આમ સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ પછી અરુણાચલ પ્રદેશમાં કેન્દ્ર સરકારનો કાન આમળ્યો છે અને કોંગ્રેસની સરકાર હટાવવાનો નિર્ણયને ખોટો જાહેર કર્યો છે.કોર્ટે નબામ તુકીની સરકારને હટાવવા નરેન્દ્ર મોદી સરકારના નિર્ણયને ગેરબંધારણીય ગણાવ્યો છે.અને તાકીદની અસરથી કોંગ્રેસની સરકાર સ્થાપવા માટે કહી દીધું છે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઘડિયાળના કાંટાને જો પાછળ લઇ જવા પડે તેમ હોય તો તેમ કરવું પડશે.મતલબ કે રાજ્યમાં ૧૫ ડિસે.૨૦૧૫ના રોજ જે સ્થિતિ હતી તેને પુનઃ સ્થાપિત કરવાની રહેશે. તેનો અર્થ એ પણ થયો કે તે દરમિયાન ભાજપના સમર્થનથી જે સરકાર અસ્તિત્વમાં આવી અને તેણે જે નિર્ણયો લીધા તે રદબાતલ કરી નાંખવામાં આવશે.તેનો બીજો અર્થ એ પણ થયો કે રાજ્યપાલ રાજખોવાની ભલામણો,સુચનાઓ અને માહીતિઓ તદન ગેરમાર્ગે દોરનારી હતી અને તેમની ભુમિકા શંકાસ્પદ જ નહી અપરાધી હતી

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ એ એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.